



# સમગ્ર રાજયની ટાઉનશીપોને જીએનએફસીનાં ૧૦૦ ટકા કેશલેસ બનાવાશે

જીએનએફસી દ્વારા તારીખ ૨૫ ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ''કેશલેસ ટાઉનશીપ'' વિષય ઉપર એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપમાં નીતિ આયોગ, દિલ્હી ખાતેનાં સિનિયર અધિકારીઓ, મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ તથા ગુજરાત સરકારનાં અન્ય સિનિયર અધિકારીઓ હાજર રહેલ. આ વર્કશોપનું આયોજન ગુજરાતની ૧૮૦ ટાઉનશીપોના પદાધિકારીઓ માટે કરવામાં આવેલ. આ પ્રસંગે જે તે જિલ્લાઓ કે જયાં આ ટાઉનશીપો આવેલી છે તેનાં કલેકટરો પણ હાજર રહેલ. તાજેતરમાં તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રી દ્વારા જીએનએફસીની ભરૂચ ટાઉનશીપને દેશની સર્વ પ્રથમ ૧૦૦ ટકા કેશલેસ ટાઉનશીપ તરીકે જાહેર કરવામાં આવેલ. ગુજરાત સરકારે રાજયની ૧૮૦ જેટલી સંકલિત ટાઉનશીપોને જીએનએફસી ટાઉનશીપનાં મોડેલ ઉપર ૧૦૦ ટકા કેશલેસ કરવાનું નકકી કરેલ છે. જીએનએફસીનાં ૧૦૦ ટકા કેશલેસ ટાઉનશીપ મોડેલનો તાજેતરમાં નીતિ આયોગ દ્વારા સરળ અને અમલમાં મૂકી શકાય તેવા મોડેલ તરીકે સ્વીકાર કરી દેશની આવી અન્ય ટાઉનશીપોમાં અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે. સમગ્ર દેશમાં આવી હજારો ટાઉનશીપો આવેલી છે. જેનાં કેન્ટોનમેન્ટ, ઓઈલ રીફાઈનરીઓ, મોટા બંદરો, સ્ટીલ કંપનીઓ, ઓટોમોબાઈલ વાહન ઉત્પાદક કંપનીઓ તેમજ ખાતર કંપનીઓ વગેરેનો સમાવેશ થાય છે. જો આ બધી ટાઉનશીપોને ૧૦૦ ટકા કેશલેસ કરવામાં આવે તો ખૂબજ ટૂંકાગાળામાં કરોડોની સંખ્યામાં ડિજિટલ વ્યવહારો શકય થશે.

# સંસ્કૃતિ કુંજ ખાતેના વસંતોત્સવનો આવતીકાલથી ભવ્ય પ્રારંભ

## મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ઉદઘાટન યોજાશે : ૧૨ રાજયોના ૧૫૦થી વધુ કલાકારો રંગ જમાવશે : હસ્તકળાની ચીજવસ્તુઓનું હાટ બજાર આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની ઓળખ સમો 'વસંતોત્સવ' તા. ૨૭મી ફેબ્રુઆરીથી સાબરમતીના કિનારે કુદરતી રમણિયાત ધરાવતા સંસ્કૃતિ કુંજ ખાતે પ્રારંભ થઈ રહ્યો છે. આ વસંતોત્સવમાં દેશના ૧૨ રાજયોના વિવિધ સાંસ્કૃતિક ગૃપના આશરે ૧૫૦થી વધુ કલાકારો દ્વારા મનોરંજક તથા દિલધડક નૃત્યો રજૂ કરાશે. આ સાથે અહીં યોજાતો હસ્તકળાની ચીજવસ્તુઓનો મેળો પણ મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવશે.

વસંતોત્સવનું ઉદઘાટન તા. ૨૭મી ફેબ્રુઆરીએ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે સાંજે ૭.૦૦ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે રાજયના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયકક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તથા મહિલા અને બાળકલ્યાણ મંત્રી નિર્મળાબેન વાઘવાણી તથા મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

વસંતોત્સવમાં આસામનું બીહુ લોકનૃત્ય, લડાખનું ઝેબ્રો, મણિપુરનું પુંગ ઢોલ, ચોલમ થાંગતા, છત્તીસગઢનું પંથી, સિક્કિમનું ચાંડી, રાજસ્થાનનું ભપંગ વાદન અને કાલબેલિયા નૃત્ય, મહારાષ્ટ્રનું લાવણી, ગોવાનું દખણી, પંજાબનું ભાંગડા, ઉત્તરપ્રદેશનું મયુર તથા ગુજરાતનો ગરબો અને સીદી ધમાલ નૃત્ય પ્રમુખ આકર્ષણ બની રહેશે. આ ઉપરાંત ગુજરાતના અન્ય લોકનૃત્યો જેવા કે દાહોદનું તલવાર નૃત્ય, ડાંગનું આદિવાસી નૃત્ય, ભરૂચનું લોકનૃત્ય, વલસાડનું ઢોલ નૃત્ય, વડોદરાનું મોરપિંછ નૃત્ય, શિનોરનું મેવાસી નૃત્ય, કવાંટનું ત્રિરંગા નૃત્ય વગેરે પણ રજુ થશે. વસંતોત્સવ તા. ૨૭મી ફેબ્રુઆરીથી તા. ૮મી માર્ચ સુધી ચાલશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો દરરોજ સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન યોજાશે. છેલ્લા ૨૧ વર્ષથી યોજાતો આ વસંતોત્સવ હસ્તકળાની ચીજવસ્તુઓના પ્રદર્શન તથા વેચાણ માટે પણ સુપ્રસિધ્ધ છે.









વાર્ષિકોત્સવ : શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો. વિકાસને વેગ આપવા પ્રવાસન પ્રવૃત્તિને વધુ લોકભોગ્ય અને મજબૂત બનાવવાના થીમ સાથેના વૈશ્વિક સંદેશ આધારીત યોજાયેલ સાંસ્કૃતિ અભિવ્યક્તિ રજૂ કરાઈ હતી. શાળાના બાળકોએ દેશ - વિદેશની સંસ્કૃતિની ઝાંખી રજૂ કરતા નૃત્યોની પ્રસ્તુતિએ વાલીઓ અને આમંત્રિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. સેન્ટ ઝેવિયર્સ દર વર્ષે અલગ - અલગ વિષય પર વાર્ષિકોત્સવનું આયોજન કરે છે.

# આડેધડ પેવર બ્લોકની કામગીરીના લીધે સેકટરોના આંતરિક માર્ગોનું ધોવાણ થયુ

## માર્ગ સુધારણા દરમિયાન યોગ્ય લેવલીંગ થાય તે અનિવાર્ય : સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવ વચ્ચે માર્ગોની દશા બેઠી

ગાંધીનગર તા ૨૫

સેકટરોમાં આંતરિક માર્ગોના નવીનિકરણ દરમિયાન માર્ગોનુ લેવલીંગ અન વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા યોગ્ય થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ છે. જયારે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીની અપુર્ણતા વચ્ચે સેકટરોમાં આડેધડ પેવર બ્લોક કરી દેવાતા માર્ગો નિચાણમાં જતા રહયા છે . આવા સંજોગોમાં રસ્તાનુ યોગ્ય લેવલીંગ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

શહેરના નવા અને જુના સેકટરોમાં હાલ મોટાભાગના રસ્તાઓ બદતર હાલતમાં છે. જયારે સેકટરોમાં આંતરિક રોડ નેટવર્કમાં સુધાર લાવવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા સે-૧ અને ૨ ના આંતરિક માર્ગોની સુધારણા માટે ખર્ચને મંજુરી આપી નાંણાની જોગવાઈ કરવામાં આવી છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા અન્ય સેકટરોના આંતરિક માર્ગ માટે પણ ટુંકમાં આયોજન કરવામાં આવશે. સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે ત્વરિત અસરથી માર્ગોના નવિનીકરણની કામગીરી હાથ ધરાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. પરંતુ માર્ગોના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા તંત્ર દ્વારા માર્ગ નવિનીકરણની કામગીરી દરમિયાન યોગ્ય લેવલીંગ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. કોર્પોરેશન દ્વારા પેવર બ્લોક બનાવાની મંજુરી અપાતા માર્ગોની આસપાસ જગ્યા છોડ્યા વિના જ પેવર બ્લોકનુ નિર્માણ કરી દેવાયુ છે. જેના પરિણામે માર્ગો નિચાણમાં જતા રહયા છે. જેમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોનુ ધોવાણ થતુ હોવાની પણ ફરિયાદો ઉઠવા પામે છે. ગત ચોમાસાના અંતે પણ માર્ગોનુ ધોવાણ થતા હાલની સ્થિતિએ મોટાભાગના રસ્તા મગરની પીઠ સમાન ભાસી રહયા છે. નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા પાંચ વર્ષથી હાથ ધરવામાં આવી નથી. જયારે માર્ગ નવિનીકરણના કામગીરીમાં માર્ગોનુ યોગ્ય લેવલીંગ કરી આસપાસ જગ્યા ખુલ્લી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ માટે પ્રગતિશીલ રહેલી ભાજપ સરકાર ગરીબો અને ખેડૂતો માટે સંવેદનશીલ રહી નથી

## વિધાનસભામાં ૧૩ વર્ષ મુખ્યમંત્રી રહેલા નરેન્દ્ર મોદીએ સંસદીય પ્રણાલીઓની સાથે લોકશાહીને ગળે ટૂંપો દીધો છે : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૫

મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ માટે પ્રગતિશીલ રહેલી ભાજપ સરકારને સામાન્ય માનવીથી લઈ ખેડૂતો સુધીના લોકોની હાલાકી કે આત્મહત્યા માટે કોઈ જ સંવેદના રહી નહીં હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આરોપ મુક્યો છે કે ગુજરાતમાં જ્યારથી નરેન્દ્ર મોદીએ શાસનધૂંરા સંભાળી ત્યારથી રાજકીય કિન્નાખોરી સાથે સંસદીય પ્રણાલીઓની જોડે લોકશાહીને ગળે ટૂંપો દેવામાં આવ્યો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત વિધાનસભામાં ખેડૂતોની આત્મહત્યાના પ્રશ્ને રજૂઆત કરનાર કોંગ્રેસના ધારાસભ્યો સામે ગાળાગાળી સાથે મારામારી કરનાર ભાજપ સરકારે સંસદીય પરંપરાઓને નેસ્તનાબૂદ કરવાની શરમજનક પ્રવૃત્તિ ચાલુ જ રાખી છે. સામાન્ય માનવીથી લઈ ખેડૂતો માટે ક્યારેય સંવેદનશીલ નહીં બનનાર ભાજપ સરકાર બહુમતીના જોરે નલિયાકાંડ, નોટબંધીથી પ્રજાને પડેલી હાલાકી, ખેડૂતોની આર્થિક બેહાલી, ખૂન અને લૂંટફાટ, ભ્રષ્ટાચાર, કૌભાંડો, શિક્ષણની અધોગતિ તેમજ બેરોજગારી જેવા પ્રજાને સ્પર્શતા પ્રશ્નો અંગે ગૃહમાં ક્યારેય ચર્ચા કરવા જ માંગતી નથી. ગુજરાતમાં કેશુભાઈ પટેલને બિનસંસદીય રીતે ગબડાવી પાછલા બારણએથી મુખ્યમંત્રી પદ મેળવનાર નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળતા જ સંસદીય પ્રણાલીઓની સાથે લોકશાહીને ગળે ટુંપો દેવાનું કામ કર્યુ છે. આ સંજોગોમાં ગુજરાત વિધાનસભાની પ્રશ્નોત્તરી સહિતની સમગ્ર કાર્યવાહીનું લાઈવ ટેલીકાસ્ટ કરવાની માંગણી કરતા તેમણે ઉમેર્યું છે કે લોકસભા અને રાજ્ય સભામાં ઈલેક્ટ્રોનિક્સ મીડિયા અને ચેનલો મારફતે સંપૂર્ણ કાર્યવાહી બતાવવામાં આવે છે. ત્યારે ગુજરાતમાં ભાજપ સરકાર ફિક્સ કરેલા ન્યૂઝના ફુટેજ આપે છે તે બંધ કરી લાઈવ ટેલીકાસ્ટ કરવું જોઈએ.

ગુજરાત વિધાનસભામાં મુખ્યમંત્રી તરીકે ૧૩ વર્ષમાં ક્યારેય પણ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર જવાબ નહીં આપનાર નરેન્દ્ર મોદીએ માત્ર શોકદર્શક ઉલ્લેખો જ વાંચ્યા છે. જ્યારે રાજકીય કિન્નાખોરી રાખી વિરોધપક્ષના અવાજને દબાવી દેવા માટે કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યોને સમગ્ર સત્ર સુધી સસ્પેન્ડ કરાવવાનો ઈતિહાસ પણ સર્જેલો છે. ગુજરાત રાજ્યમાંથી નરેન્દ્ર મોદીની વિદાય બાદ પણ ભાજપ સરકારે લોકશાહીના મંદિરને કલંકિત કરવાનું ચાલુ જ રાખ્યું છે. પોતાના પક્ષમાં કેડરબેઝના નામે સરમુખત્યારશાહી ચલાવતી ભાજપ સરકાર ગુજરાત વિધાનસભામાં પણ બહુમતી અને સાર્જન્ટોના બળથી પ્રજાના અવાજને દબાવી દઈ પોતાના કુકર્મોને બહાર લાવવા દેવા માંગતી નથી. ગુજરાતની ગરીમા અને ગૌરવની પોકળ વાતો કરનાર ભાજપ સરકાર નલિયાકાંડ હોય કે ખેડૂતોની આત્મહત્યા જેવી ઘટનાઓમાં પણ લાજવાના બદલે ગાજે છે તે ગૌરવશાળી ગુજરાત માટે ચિંતાપ્રેરક છે. ભાજપના આવા સત્તાસ્વાર્થના કારણે યુપીના મુખ્યમંત્રી પણ ગુજરાતના બે નેતાઓની ગધેડા સાથે સરખામણી કરી રહ્યા છે.

# આજે જાસપુરમાં પશુ દવાખાનાનું લોકાર્પણ અને મહિલા પશુપાલકોની તાલિમ શિબિર

## જિલ્લો દૂધ ઉત્પાદનમાં રાજ્યમાં ૧ થી ૧૦માં સ્થાન ધરાવે છે : જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટમાંથી દવાખાનુ બનાવાયુ

ગાંધીનગર, તા. ૨૫

કલોલ તાલુકાના જાસપુર ગામે આજે મહિલા પશુપાલકોની શિબિર તેમજ પશુદવાખાનાનું લોકાર્પણ કરવામાં આવશે. જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટમાંથી આ પશુ દવાખાનાનું નિર્માણ કરવામાં આવેલ છે. રૂ. ૧૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલ પશુ દવાખાનામાં આધુનિક સેવાઓ પણ ઉપલબ્ધ કરાવામાં આવી છે. પશુ દવાખાનાનું લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્યના પશુપાલન નિયામક ગીતાબેન પટેલ, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લા પશુપાલન તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પશુ દવાખાનું બનતાં જાસપુર અને આસપાસના ૨૦ જેટલા ગામોના પશુ પાલકોને તેનો લાભ થશે. આ પ્રસંગે યોજવામાં આવેલ મહિલા પશુપાલકોની શિબિરમાં કલોલ તાલુકામાંથી ૪૦૦થી વધુ મહિલા પશુપાલકો હાજર રહેશે. જિલ્લામાં ૨૨ પશુ દવાખાના આવેલા છે અને આ દવાખાનુ બનતા આ સંખ્યા વધીને ૨૩ની થશે.

પશુપાલન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યના ૧ થી ૧૦ ક્રમમાં જિલ્લો દૂધ ઉત્પાદનમાં આવે છે. અગાઉ જિલ્લો રાજ્યમાં ૧૨મા ક્રમે હતો. ૨૦૧૫-૧૬માં ૬૨,૬૨૪ મે. ટન દૂધ ઉત્પાદન નોંધાયુ હોવાનું પણ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં પશુપાલનની આવક એ અર્થતંત્રની બેકબોર્ન છે. જિલ્લામાં ત્રણ લાખ જેટલા પશુઓ ગાય અને ભેંસ સંવર્ગના છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ... પ્લીઝ મને જોબ પર રાખીલો... નહી રાખો તો મારા ફાધર ફરીથી તલાટીની પરીક્ષાનું મારું ફોર્મ ભરી આવશે...!!

# વાવોલ ખાતે 'દો દિન શ્રી રામ કે નામ' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

પૂ. બહેનશ્રી રમાબેન હરિયાણીજીના ૭૬મા જન્મદિનના ઉપલક્ષમાં અને ચિ.જય-અ.સૌ. ભાવના અને ચિ.મેહુલ-અ.સૌ. નેહાના શુભ લગ્નની ખુશાલીમાં દ્વિદિવસીય સત્સંગ 'દો દિન શ્રી રામ કે નામ' કાર્યક્રમનું આયોજન આગામી તા. ૧ અને ૨ માર્ચના રોજ શ્રી રામધામ, વાવોલ ખાતે કરવામાં આવ્યું છે.

શ્રી સદગુરુ કૃપા પરિવાર, ગાંધીનગર (સમગ્ર માવાણી પરિવાર) દ્વારા યોજાનાર આ કાર્યક્રમ અંતર્ગત ૧લી માર્ચના રોજ દીપ પ્રાગટય શ્રી રામધામના મહંતશ્રી પૂ.મધુસુદનદાસજી બાપુના હસ્તે સવારે ૮.૩૦ વાગે કરવામાં આવશે. સાથે જ કિષ્કિન્ધાકાંડ-સુંદરકાંડ પાઠ યોજાશે. બપોરે ૩.૩૦ થી ૪.૩૦ દરમિયાન શ્રી રામનામ જપ તથા પૂ. બહેનશ્રીનું ઉદબોધન યોજાશે. બપોરે ૪.૩૦ થી ૬ દરમિયાન ૧૧ શ્રી હનુમાન ચાલીસા પાઠ અને સાંજે ૬ થી ૬.૩૦ દરમિયાન પૂ.બહેનશ્રીની ભાવ વંદના શ્રી ભરતભાઈ સાધુ દ્વારા યોજાશે. સાંજે ૬.૩૦ વાગે પૂ. બહેનશ્રીના જન્મોત્સવની ઉજવણી થશે. તા. ૨જી માર્ચના રોજ શ્રી રામચરિત માનસ બાલકાંડ પાઠ અંતર્ગત સવાર ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન શ્રી શિવ ચરિત્ર-શિવ વિવાહ-શ્રી રામ પ્રાકટયોત્સવ યોજાશે. જયારે બપોરે ૩.૩૦ થી ૭ દરમિયાન શ્રી સીતારામ વિવાહ યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હાર્દિકની આજે નિકોલ ખાતે સભાને ધ્યાનમાં લઈ સુરક્ષા

ગાંધીનગર, તા.૨૫

અમદાવાદ શહેરમાં આવતીકાલે નિકોલ વિસ્તારમાં હાર્દિક પટેલની જાહેરસભાને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સાથે સાથે કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલાં પણ લેવામાં આવ્યા છે. સમગ્ર અમદાવાદ શહેરમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. આ સંદર્ભમાં જાહેરનામું પણ જારી કરવામાં આવી ચુક્યું છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલની જાહેરાસભાને લઈને ઉત્તેજનાપૂર્ણ સ્થિતિ સર્જાઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ નિકોલ વિસ્તારમાં પાટીદારોના બહુમતીવાળા વિસ્તારમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પાટીદાર અનામત આંદોલન સમિતિ પાસના નેતા હાર્દિક પટેલની આવતીકાલે શહેરના નિકોલ વિસ્તારમાં યોજાનારી જાહેરસભાને ધ્યાનમાં લઈને શહેર પોલીસ કમિશનર દ્વારા સમગ્ર શહેરમાં ૧૪૪મી કલમ લાગુ પડતું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ અંગે મળતી માગિતી પ્રમાણે આવતીકાલે હાર્દિક દ્વારા નિકોલ વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ પ્લોટ ખાતે જાહેરસભા સાંજના છના સુમારે યોજવામાં આવનાર છે. દરમ્યાન પાસને મ્યુનિ.પ્લોટનું ભાડુ ભરી દેવાતા મંજુરી મળી ગઈ છે. પરંતુ નિકોલ પોલીસ સ્ટેશન તરફથી માત્ર મૌખિક મંજુરી આપવામાં આવી છે. બીજી તરફ નિકોલમાં આવતીકાલની હાર્દિકની સભાને ધ્યાનમાં રાખી સમગ્ર વિસ્તારમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવાશે તો આ સાથે જ શહેર પોલીસ કમિશનર દ્વારા ૨૫ ફેબ્રુઆરીથી ૧૧ માર્ચ સુધી સમગ્ર અમદાવાદમાં શહેરમાં ૧૪૪નો કડક અમલ કરવા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. દરમ્યાન મળતી વિગતો મુજબ પાસ દ્વારા એવી ચીમકી અપાઈ હતી કે પોલીસ મંજુરી નહીં આપે તો પણ હાર્દિકની સભા યોજવામાં આવશે. પોલીસ અટકાયતી પગલા લેશે તો પાટીદાર વિસ્તારોમાં ભાજપના નેતાઓ માટે પ્રવેશબંધી જાહેર કરવામાં આવશે. આવતીકાલે રવિવારે પાટીદારોની જ્યાં બહુમતી છે તેવા નિકોલ વિસ્તારમાં સાંજે ૬ કલાકે ઉમા વિદ્યાલય પાસેના મ્યુનિ. પ્લોટમાં સમાજના તેજસ્વી તારલાઓને સન્માન સમારંભ અને શહીદ જવાનોના પરિવારનો સન્માન સમારંભ પણ આયોજીત કરવામાં આવ્યો છે. બીજી તરફ નિકોલ પોલીસ દ્વારા પણ આવતીકાલની સભાને ધ્યાનમાં રાખી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

# રોટરી કલબ દહેગામ દ્વારા આંતરરાષ્ટ્રીય રોટરી સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫

તા. ૨૩ ફેબ્રુઆરી ૧૯૦૫ના અમેરિકાના શિકાગો શહેરમાં રોટરી કલબની સ્થાપના કરવામાં આવી હતી. જેના ૧૧૩માં સ્થાપના દિવસની ઉજવણી રોટરી કલબ ઓફ દહેગામના સભ્યો દ્વારા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ સભ્યો તથા પરિવારની હાજરીમાં મંચસ્થ મહાનુભાવો દ્વારા ચોકલેટ વિતરણ કરીને રોટરી સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી.

કલબ પ્રમુખ રોટે. જગદીશ પટેલે સૌને આવકારી સ્વાગત કર્યુ હતું અને કલબની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી અને સહકાર બદલ સૌનો આભાર માન્યો હતો. ત્યાર બાદ આસી. ગર્વનર રોટે. તુલસી પટેલે રોટરીના ઈતિહાસ સાથેની માહિતી આપી હતી. પછી બધા રોટેરિયન મિત્રોએ જોકસ, મિમિક્રી, પ્રેરક પ્રસંગો, રોટરીના અનુભવો તથા રોટરી દ્વારા પોતાના જીવનમાં થયેલ પરિવર્તન તથા મળેલ લાભોની વાતો કરી હતી. ઘણા મિત્રોએ પોતાના ભૂતકાળના અનુભવો વાગોળ્યા હતા. સૌએ સાથે મળી ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે આ દિવસને યાદગાર બનાવ્યો હતો.

આ પ્રસંગે કલબ પ્રેસિડેન્ટ રોટે. જગદીશ પટેલ, સેક્રેટરી પલક શાહ, આસી. ગર્વનર તુલસી પટેલ, ટ્રેનર મહેશ પટેલ, ચીફ ગેસ્ટ રોટે. રાજેન્દ્ર પટેલ સહિતના મોટી સંખ્યામાં રોટરિયન મિત્રો, એમ્સ, બાળકો તથા રોટરેકટ પ્રેસીડેન્ટ ધવલ પંચાલ, સેક્રેટરી જીત પટેલ સહિતના રોટરેકટર મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ટચૂકડી જાહેર ખબર

**ચોખાના પાપડ સેવ**

રૂા. ૧૨૦ કિલોના
ઘરના બનાવેલા છે.
વેફર, ચકરી, મોરિયાના પાપડ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
સે-૭બી, પ્લોટ નં. ૪૯૮/૧
મો. ૯૫૫૮૧૩૦૯૧૧
મો. ૭૬૦૦૩૭૧૯૫૬